Ontario

નાણાં મંત્રાલય (Ministry of Finance)

સમાચાર વિજ્ઞપ્તિ 2016 ઑન્ટારિયો અંદાજપત્ર

# ઑન્ટારિયોના રોકાણો આજ અને આવતીકાલ માટે નોકરીઓનું સર્જન કરી રહ્યા છે

## સરકાર અર્થતંત્રને વિકસાવવાની, નોકરીઓના સર્જનની અને 2017-18માં બજેટને સંતુલિત કરવાની તેની યોજના સાથે આગળ ધપી રહી છે

સમાચાર 25 ફેબ્રુઆરી 2016

આજે નાણાંમંત્રી (Finance Minister) Charles Sousaએ જારી કર્યું *2016નું ઑન્ટારિયોનું અંદાજપત્ર: આજ અને આવતીકાલ માટે નોકરીઓ,* જે નોકરીઓના સર્જન અને આર્થિક વિકાસની સરકારની યોજનાના આગામી તબક્કાની રૂપરેખા આપે છે. જૂન 2009માં આવેલી મંદીથી અત્યાર સુધીમાં 600,000થી વધુ નોકરીઓનું સર્જન કરવામાં આવ્યું છે. ઑન્ટારિયો 2019ના અંત સુધીમાં 300,000થી વધુ વધારાની નોકરીઓનું સર્જન કરશે તેવો અંદાજ છે જેનાથી 10 વર્ષના સમયગાળામાં કુલ નોકરીઓના સર્જનનો આંકડો 900,000થી વધુ ચોખ્ખી નવી નોકરીઓ પર પહોંચશે. નાણાં મંત્રાલય (Ministry of Finance) ઑન્ટારિયો વાસ્તવિક GDP વૃદ્ધિ 2015માં 2.5 ટકા અને 2016માં 2.2 ટકા રહેવાની આગાહી કરી રહ્યું છે. ઑન્ટારિયોનો આર્થિક વિકાસ રાષ્ટ્રીય વિકાસ કરતાં ઝડપી થઈ રહ્યો છે અને તે આગામી બે વર્ષ માટે કેનેડામાં સૌથી વધારે મજબૂત આર્થિક દરોમાં સ્થાન પામવાનું ચાલુ રાખશે તેવી અપેક્ષા છે.

ઑન્ટારિયોના રહેવાસીઓને અર્થતંત્રની હાલત વિશે અને તે કઈ રીતે તેમને અને તેમના કુટુંબને અસર કરી શકે તેના વિશે ચિંતા છે. આ જ કારણસર *અંદાજપત્ર* ગત વર્ષોની સરખામણીએ વહેલું રજૂ કરવામાં આવી રહ્યું છે જેથી ઑન્ટારિયોના કુટુંબો અને વ્યાપારો જોઈ શકે કે નોકરી સર્જવા અને અર્થતંત્રને વિકસાવવા માટે સરકારની યોજના કેવી રીતે કારગર નીવડી છે અને લોકો માટે વધુ તક અને સલામતીનું નિર્માણ કરવા માટે યોજના કઈ રીતે કામ કરવાનું ચાલુ રાખશે.

આંતરમાળખાકીય સુવિધાઓમાં અને નવીન, ઉચ્ચ વૃદ્ધિ, નિકાસલક્ષી વ્યાપારોની આગેવાનીવાળી લો-કાર્બન ઈકોનોમીમાં રોકાણ કરીને સમગ્ર ઑન્ટારિયોના સમુદાયોમાં આજે સારી નોકરીઓનું સર્જન કરવાની સરકારની યોજના છે. લોકોની પ્રતિભા અને કૌશલ્યોમાં તે રોકાણ કરી રહી છે અને *2016નું બજેટ* વધુને વધુ લોકોને ઉચ્ચ ગુણવત્તાની કૉલેજ અને યુનિવર્સિટી શિક્ષણની સુલભતા વધારી આપીને ભવિષ્યમાં વધુ લોકોને નોકરી મેળવવામાં અને સર્જન કરવામાં મદદ કરશે. આ યોજના ઑન્ટારિયોના નિવાસીઓને વધારે સલામત નિવૃત્તિ પ્રાપ્ત કરવામાં પણ મદદ કરે છે.

2017-18માં બજેટને સંતુલિત કરવા માટે સરકારની યોજના બરાબર માર્ગ પર છે.

## લોકોની પ્રતિભા અને કૌશલ્યોમાં રોકાણ કરવું

ઑન્ટારિયોનું અત્યંત શિક્ષિત કાર્યબળ તેની સૌથી મોટી શક્તિ છે. બધા ઑન્ટારિયોવાસીઓને તેમની પૂરી ક્ષમતા પ્રાપ્ત કરવામાં અને અર્થતંત્રના ઉદયમાં સફળ થવા  માટે સરકાર ઉચ્ચ માધ્યમિક શિક્ષણ માટે ઑન્ટારિયોની વિદ્યાર્થી મદદમાં ફેરફાર કરીને તેને આર્થિક રીતે સૌથી વધારે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે પારદર્શક, સમયસર અને લક્ષ્યાંકિત બનાવી રહી છે.

સરકાર 2017-18ના શાળાકીય વર્ષથી શરૂ થતી સરળ, સંકલિત, અગ્રિમ ગ્રાંટ — ઑન્ટારિયો સ્ટુડંટ ગ્રાંટ [Ontario Student Grant (OSC)] — તૈયાર કરશે. પ્રસ્તાવિત વ્યવસ્થા હેઠળ, સરેરાશ કૉલેજ અને યુનિવર્સિટી ટ્યુશન $50,000 કે તેથી ઓછી આવક ધરાવતા કુટુંબોમાંથી આર્થિક જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે મફત હશે અને મધ્યમ આવકવાળા કુટુંબો માટે પણ ટ્યુશન પરવડી શકે તેવું હશે.

$83,000 અથવા તેથી ઓછી આવક ધરાવતા કુટુંબોમાંથી 50 ટકાથી વધુ વિદ્યાર્થીઓ સરેરાશ ટ્યુશન ઉપરાંત પુન: ચૂકવી ન શકાય તેવી ગ્રાંટ મેળવશે અને ઑન્ટારિયોનો કોઇપણ વિદ્યાર્થી ઑન્ટારિયો ટ્યુશન ગ્રાંટ દ્વારા હાલમાં લાયક હોય તેના કરતા OSG દ્વારા ઓછી મદદ નહીં મેળવે.

$50,000થી ઓછી વાર્ષિક આવકવાળા કુટુંબોમાં વિદ્યાર્થીઓ કોઇ પ્રાંતીય વિદ્યાર્થી ઋણ ધરાવતા નહીં હોય. સરકાર પુખ્ત અને પરિણીત વિદ્યાર્થીઓ માટે આર્થિક મદદમાં પણ વિસ્તાર કરશે અને તેમના માતાપિતાના અપેક્ષિત પ્રદાનોને ઘટાડીને મધ્યમ અને ઉચ્ચ આવક ધરાવતા કુટુંબો માટે વ્યાજમુક્ત અને ઓછા ખર્ચની લોનની સુલભતા આપશે.

મોટાભાગના વિદ્યાર્થીઓ હાલની વ્યવસ્થા હેઠળ હોય તેના કરતા ઓછું ઋણ ધરાવતા હશે અને મહત્તમ ઑન્ટારિયો વિદ્યાર્થી સહાયતા કાર્યક્રમ (Ontario Student Assistance Program) ઉચ્ચ આવકવાળા કુટુંબો માટે વાર્ષિક $10,000 પર રાખવામાં આવશે. જેમને પોતાની વિદ્યાર્થી લોન ફરીથી ચૂકવવામાં મુશ્કેલી પડતી હોય તેવા વિદ્યાર્થીઓ માટે ઑન્ટારિયો આર્થિક મદદ આપવાનું ચાલુ રાખશે.

## ઑન્ટારિયોના ઇતિહાસમાં આંતરમાળખાકીય  સુવિધામાં સૌથી મોટા રોકાણ પર નિર્માણ

જાહેર  આંતરમાળખાકીય  સુવિધાનું  નિર્માણ અને તેને પુનર્જીવિત કરવું એ ઑન્ટારિયોના અર્થતંત્રને મજબૂત બનાવવા માટે અને આજ તથા આવતીકાલ માટે નોકરીઓનું સર્જન કરવા માટે મહત્ત્વપૂર્ણ છે. આ *બજેટ*માં સરકાર આગામી 10 વર્ષમાં રસ્તા, પુલો, જાહેર પરિવહન, હૉસ્પિટલો અને શાળાઓમાં $137 અબજથી વધારેનું રોકાણ કરી રહી છે. આના પરિણામે 12 વર્ષમાં $160 અબજનું રોકાણ થશે જેની શરૂઆત 2014-15માં થશે, જે ઑન્ટારિયોના ઇતિહાસમાં જાહેર  આંતરમાળખાકીય  સુવિધામાં સૌથી મોટું રોકાણ છે. આ આયોજિત રોકાણો દર વર્ષે સરેરાશ 110,000થી વધુ નોકરીઓને ટેકો આપશે.

સરકારી માલિકીની સંપત્તિઓના મૂલ્યમાં મહત્તમ વધારો કરીને સમય વીતવાની સાથે $5.7 અબજ પેદા કરવા માટે પ્રાંત પોતાના માર્ગ પર આગળ વધી રહેલ છે - જે *2014ના અંદાજપત્ર*માં કરેલી મૂળ આગાહી કરતાં $2.6 અબજ વધારે છે. લાયક સંપત્તિઓના વેચાણમાં ચોખ્ખી આવકની ઊપજ ટ્રિલિયમ ટ્રસ્ટ (Trillium Trust)ને સમર્પિત કરવામાં આવશે જેમાંથી જાહેર પરિવહન, વાહનવ્યવહાર અને અન્ય પ્રાથમિકતા ધરાવતા માળખામાં ભંડોળ મળી શકે.

## વધુ ગતિશીલ અને નવીન વ્યાપારી વાતાવરણ કેળવવું

અર્થતંત્ર વિકસાવવા અને નોકરીઓ સર્જવા માટે, ઑન્ટારિયો સરકારની યોજના વ્યાપારના ખર્ચને ઘટાડવા, વ્યૂહાત્મક ભાગીદારીઓ દ્વારા રોકાણને ઉત્તેજન આપવા, વ્યાપારને વૈશ્વિક બનાવવામાં અને નાણાકીય સેવા ક્ષેત્રને મજબૂત બનાવવાનું ચાલુ રાખે છે. સરકાર સહિયારી આર્થિક વ્યૂહરચના પણ વિકસાવી રહી છે અને પ્રાંતની સામાજિક ઉદ્યોગ વ્યૂહરચનાને તાજી કરી રહી છે.

વિશ્વનું અર્થતંત્ર કાર્બન ઉત્સર્જન માટે પૈસા વસૂલ કરવા તરફ આગળ વધી રહ્યું છે. *2016નું અંદાજપત્ર* 2017માં કાર્બન ભથ્થાંની નિલામી કરવા માટે ઑન્ટારિયો માટે એક મંચ પૂરો પાડે છે. આ કારણસર, સરકાર ઑન્ટારિયોને તેના ગ્રીનહાઉસ વાયુ (GHG)માં ઘટાડાના લક્ષ્યાંકોને પૂરા કરવા, નવીન અભિગમવાળી કંપનીઓને પુરસ્કૃત કરવા અને ઘરો તથા વ્યાપાર લો-કાર્બન ઈકોનોમીમાં પ્રવેશ દરમિયાન સફળ થાય તેની ખાતરી કરવા માટે મર્યાદા અને વિનિમય વ્યવસ્થા કાર્યક્રમની દરખાસ્ત કરી રહી છે. મર્યાદા અને વિનિમય વ્યવસ્થામાંથી બધી ઊપજ કે જે 2017માં $1.9 અબજ હોવાની ધારણા છે તેનો ઉપયોગ ગ્રીન પ્રોજેક્ટ્સમાં રોકાણ માટે થશે.

સરકાર પોતાની વ્યાપાર વિકાસ પહેલ (Business Growth Initiative) રજૂ કરવાનું પણ ચાલુ રાખે છે જે ઉચ્ચ વિકાસ, નવીનતા સાથેના અર્થતંત્ર તરફ પ્રાંતની ગતિને પ્રવેગિત કરવા માટેની અને વ્યાપારને ઉન્નતિ અપાવવામાં મદદ કરવા માટે, પંચવર્ષીય, $40 કરોડની વ્યૂહરચના છે. તે નિયામક વ્યવસ્થાને પણ આધુનિક બનાવશે અને પ્રાંતમાં વ્યાપાર કરવાના ખર્ચને ઓછો કરશે.

## નિવૃત્તિ સલામતીને મજબૂત કરવી

નિવૃત્તિ બચતનો તફાવત ઘટાડવા માટે સરકાર ઑન્ટારિયો નિવૃત્તિ પેન્શન યોજના [Ontario Retirement Pension Plan (ORPP)]નો અમલ કરી રહી છે જે ઑન્ટારિયોવાસીઓને તેમની નિવૃત્તિ માટે બચત કરવામાં મદદ કરશે. સરકાર એ ખાતરી કરવા માટેના પોતાના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવાના માર્ગ પર આગળ ધપી રહી છે કે ઑન્ટારિયોના બધા લાયક કામદારોને તુલનાત્મક કાર્યસ્થળ યોજના અથવા ORPP હેઠળ આવરી લેવામાં આવશે. સફળ અને સુગમ અમલીકરણની ખાતરી માટે, ORPP વહીવટી નિગમ નોકરીદાતાની ખરાઈ અને પ્રવેશ પ્રક્રિયા 2017માં શરૂ કરશે જેમાં નોકરીદાતા અને કર્મચારીના પ્રદાનના એકત્રીકરણની શરૂઆત 2018માં થશે.

સાથે સાથે ઑન્ટારિયો એવો ઉપાય શોધવા માટે પ્રતિબદ્ધ છે કે જેનાથી રાષ્ટ્રીય માળખા હેઠળ ઑન્ટારિયોના કર્મચારીઓની જરૂરિયાતો પૂરી થઈ શકશે. જેનાથી ભાવિ નિવૃત્ત લોકોની જરૂરિયાતોનું સમાધાન થાય તેવા કેનેડા પેન્શન યોજના [Canada Pension Plan (CPP)]માં સુધારા પર પ્રગતિ કરવા માટે ઑન્ટારિયો સરકાર ફેડરલ સરકાર, પ્રાંતો અને પ્રદેશો સાથે મળીને સહકાર સાધીને કામ કરશે. મુખ્ય હેતુ એ સુધારેલા CPP માળખામાં ORPPના લક્ષ્યાંકો પૂરા કરવાની રીતો જોવાનો છે જે શક્ય ન બને તો તે દરમિયાન ORPPનો અમલ કરવાની ક્ષમતાને જાળવવામાં આવશે.

## ન્યાયી સમાજનું નિર્માણ

પ્રાંત લોકોને તકો અને મદદ આપી રહ્યો છે જે તેમને પોતાની પૂરી ક્ષમતા ઓળખવા માટે મળે તે જરૂરી છે.

સરકાર સેવાઓના રૂપાંતરણ પ્રત્યે સમર્પિત છે જેથી વિકાસકીય અપંગતાઓ ધરાવતા લોકો વધારે સ્વતંત્ર બની શકે. સરકાર ઑન્ટારિયોના ઘર અને બેઘરપણાની વ્યવસ્થાના રૂપાંતરણને ચાલુ રાખવા માટે લાંબા ગાળાના પરવડી શકે તેવા મકાનની વ્યૂહરચના (Long-Term Affordable Housing Strategy)માં પણ સુધારો કરી રહી છે જેમાં એવા સુગમ અને સુવાહ્ય લાભો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે જે વ્યક્તિની ઘરની બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં લે છે.

વિશેષ અને જટીલ જરૂરિયાતો ધરાવતા બાળકો અને યુવાનોને ઘરે, શાળામાં, સમાજમાં અને તેઓ પુખ્ત વયમાં પ્રવેશે ત્યારે મદદ માટે વિશેષ જરૂરિયાતો ધરાવતા લોકો માટે પોતાની વ્યૂહરચના સાથે પ્રાંત આગળ વધવાનું ચાલુ રાખે છે.  ઑટિઝમ સેવાઓની પુનર્રચના કરવા અને તેમાં સુધારો કરવા માટે ઑન્ટારિયો પાંચ વર્ષના સમયમાં $33.3 કરોડનું પણ રોકાણ કરી રહ્યું છે.

2016માં, સરકાર ઑન્ટારિયો વર્ક્સ (Ontario  Works) મેળવતા પુખ્તો માટે અને ઑન્ટારિયો અપંગતા સહાય કાર્યક્રમ (Ontario Disability Support Program) ધરાવતા લોકો માટે દરોમાં 1.5 ટકાનો વધારો કરીને સામાજિક સહાયતામાં પોતાના અગાઉના રોકાણ પર નિર્માણ કરશે. ઑન્ટારિયો વર્ક્સ (Ontario Works) મેળવતા બાળકો વિનાના અવિવાહિત લોકો કે જેઓ સૌથી ઓછી સામાજિક સહાયતાના દરો ધરાવતા હોય તેમને વધુ ટૉપ-અપ પણ પ્રાંત પૂરું પાડશે - જેનાથી તેમની કુલ રકમ વધીને મહિના દીઠ $25 થશે જે તેમણે 2012માં મેળવી હોય તેનાથી દર મહિને $100 વધુ છે.

સાથે ચાલવું (Walking Together) જેવી પહેલ દ્વારા: મૂળ નિવાસી મહિલાઓ સામે હિંસાનો અંત લાવવા માટેની લાંબા ગાળાની વ્યૂહરચના (Long-Term Strategy to End Violence Against Indigenous Women) અને કેનેડા સત્ય અને સામંજસ્ય આયોગ (Truth and Reconciliation Commission of Canada)ની ભલામણો પર કામ કરીને સરકાર મૂળ નિવાસી લોકો માટે સામાજિક સ્થિતિઓ અને આર્થિક તકોમાં સુધારો કરી રહી છે.

ઑન્ટારિયોવાસીઓને હાલમાં અને ભવિષ્યમાં યોગ્ય સંભાળની ઝડપી સુલભતા આપવા માટે સરકાર ઑન્ટારિયોની જાહેર સ્વાસ્થ્યસંભાળ વ્યવસ્થામાં પરિવર્તન કરવાનું પણ ચાલુ રાખી રહી છે.  તેના મુખ્ય પાસાંમાં હૉસ્પિટલોને આપવામાં આવતા ભંડોળમાં $34.5 કરોડનો વધારો; ચાવીરૂપ સેવાઓ માટે રાહ જોવાનો સમય ઓછો કરવો; વધારે સંકલિત સત્ર આધારિત પ્રાથમિક સંભાળનું સર્જન કરવું; ઘરે અને સમાજમાં વધુ સંભાળ ઉપલબ્ધ કરાવવી; 65થી 70ની ઉંમરના લાયક વરિષ્ઠ નાગરિકો માટે દરાજની રસી મફત ઉપલબ્ધ કરાવવાની દરખાસ્તોનો સમાવેશ થાય છે - જેનાથી તેમના ખિસ્સા બહારના લગભગ $170 જેટલી રકમની બચત થશે; અને સમાજ આધારિત રહેણાંક અનાથાશ્રમો અને દર્દશામક સંભાળમાં $7.5 કરોડનું રોકાણ કરવું જેમાં ત્રણ વર્ષમાં લગભગ $15.5 કરોડના કુલ રોકાણની દરખાસ્ત છે.

## રોજિંદા જીવનને સરળ બનાવવું

ઑન્ટારિયોવાસીઓ માટે રોજિંદા જીવનમાં સુધારો કરવા માટે સરકાર ઘણી પહેલ રજૂ કરી રહી છે. આમાં વારંવારના વપરાશકર્તાઓ માટે હૉસ્પિટલની પાર્કિંગ ફી ઓછી કરવાનો સમાવેશ થાય છે જેનાથી $30 Drive Clean ઉત્સર્જન પરીક્ષણ ફી દૂર થાય છે, વીજળી અને ઊર્જાના ખર્ચમાં મદદ મળે છે, વાહન વીમાના દરો  ઘટે છે અને જાહેર સેવાઓ વધારે સુગમ રીતે આપવા માટે ટેકનોલોજિના ઉપયોગનો સમાવેશ થાય છે.

બીયરનું વેચાણ ગ્રોસરી સ્ટોર્સ સુધી જવાબદાર રીતે વિસ્તારીને સરકારે ઑન્ટારિયોવાસીઓ માટે પસંદગી અને સગવડ વધારી છે અને હવે તે દારૂના વેચાણને પણ વિસ્તારી રહી છે.  2016ની પાનખરમાં, 70 જેટલા ગ્રોસરી સ્ટોર્સને સમગ્ર ઑન્ટારિયોમાં દારૂ, બીયર અને સાઈડર એકસાથે વેચવાની પરવાનગી આપવામાં આવશે. 300 જેટલા ગ્રોસરી સ્ટોર્સમાં દારૂ ઉપલબ્ધ બનશે.

## મજબૂત નાણાકીય પ્રબંધન

સરકાર પોતાના નાણાકીય લક્ષ્યાંકોને સર કરવાની સાથે સાથે અર્થતંત્ર, જનતા અને ઓછા કાર્બન સાથેના તંદુરસ્ત, સ્વચ્છ તથા સમૃદ્ધ ભાવિમાં રોકાણ કરવાનું ચાલુ રાખી રહી છે. આ રોકાણો એવી જાહેર સેવાઓને સુધારવામાં મદદ કરશે જેના પર ઑન્ટારિયોવાસીઓ આધાર રાખી છે તેમજ વિકાસને પણ ઉત્તેજન મળશે. સારી નોકરીઓ અને વિકાસશીલ અર્થતંત્ર એ ઑન્ટારિયોના કુટુંબોને મદદ કરવાના અને સંતુલિત તથા લાંબા ગાળાની સમૃદ્ધિના માર્ગ પર આવક પેદા કરવા માટેના-શ્રેષ્ઠ માર્ગો છે.

સરકાર 2015-16માં $5.7 અબજ ડૉલરની ખાધનું અનુમાન કરે છે - જે *2015ના અંદાજપત્ર*ની ધારણાની સરખામણીએ $2.8 અબજનો સુધારો છે અને *2015ના ઑન્ટારિયો આર્થિક દૃષ્ટિકોણ અને નાણાકીય સમીક્ષા*માં આપવામાં આવેલ લક્ષ્યાંકની સરખામણીએ $1.8 અબજનો સુધારો છે. 2014-15માં $10.3 અબજની ખાધ સાથેની સરખામણીમાં પણ તે $4.6 અબજનો સુધારો છે.

સળંગ સાતમા વર્ષ માટે પ્રાંત પોતાની ખાધના લક્ષ્યાંકને સર કરવાના માર્ગ પર છે. પોતાના નાણાકીય લક્ષ્યાંકો સર કરવાનું ચાલુ રાખીને પ્રાંતની એકત્ર થયેલી ખાધ એ અન્યથા જે આંકડો હોવો જોઈએ તેના કરતાં $30 અબજ ઓછી છે.

સરકાર 2016-17માં $4.3 અબજની ખાધનું અનુમાન કરે છે જે *2015ના અંદાજપત્ર*ની આગાહીની સરખામણીએ $0.5 અબજનો સુધારો દર્શાવે છે. સરકારનું અનુમાન એવું પણ છે કે તે 2017-18માં સંતુલન પર પાછા ફરવાની પોતાની પ્રતિબદ્ધતાને પૂરી કરશે - જે એવી ખાધ દૂર કરવાની યોજનાનું પરિણામ છે જેનું પ્રથમ *2010ના અંદાજપત્ર*માં આયોજન કરવામાં આવ્યું હતું. પોતાના પરના ઋણના પ્રાંત દ્વારા પ્રબંધનમાં વધારે ટકાઉપણાના સંકેત તરીકે ચોખ્ખો ઋણ-GDP 2015-16માં 39.6 ટકા સુધી વધવાની અપેક્ષા છે, 2016-17માં સમાન સ્તરે રહેશે અને 2017-18માં ઘટવાની શરૂઆત થશે.

અર્થતંત્ર સતત વિકાસ પામવાની અપેક્ષા છે અને સરકારી કાર્યક્રમો અને સેવાઓમાં પરિવર્તન લાવવાની સરકારની હાલની પ્રતિબદ્ધતાને જોતાં ઑન્ટારિયો 2018-19માં સંતુલિત રહેશે તેવી ધારણા છે.

*2016નું ઑન્ટારિયોનું અંદાજપત્ર*

સુવાક્ય

"માળખામાં રોકાણ કરીને અને નવીન, વધારે વૃદ્ધિ, નિકાસલક્ષી વ્યાપારો દ્વારા લો-કાર્બન ઈકોનોમી દ્વારા સમગ્ર ઑન્ટારિયોમાં સમુદાયોમાં આજે સારી નોકરીઓને પ્રાંતની આર્થિક યોજના ટેકો આપે છે. આ યોજના લોકોની પ્રતિભા અને કૌશલ્યોમાં રોકાણ કરે છે અને ઉચ્ચ ગુણવત્તાની કૉલેજ અને યુનિવર્સિટી શિક્ષણની પહોંચ વધારી આપીને ભવિષ્યમાં વધુ લોકોને નોકરી મેળવી આપવામાં અને નોકરીઓનું સર્જન કરવામાં તેમની ક્ષમતામાં રોકાણ કરે છે. આ પ્લાન ઑન્ટારિયોના નિવાસીઓને વધારે સલામત નિવૃત્તિ પ્રાપ્ત કરી આપવામાં પણ મદદ કરે છે."

— Charles Sousa, નાણાંમંત્રી (Minister of Finance)

## શીઘ્ર હકીકતો

- 2015માં ઑન્ટારિયોના વાસ્તવિક GDPમાં 2.5 ટકાનો વધારો થયો હતો જે રાષ્ટ્રીય સરેરાશથી વધારે છે.
- આવશ્યક માળખાકીય સવલતોના નિર્માણને ચાલુ રાખવા માટે પ્રાંત હૉસ્પિટલોને કૅપિટલ ગ્રાંટ તરીકે 10 વર્ષના સમયમાં $12 અબજથી વધુની મદદ કરવાનું આયોજન કરે છે. સમગ્ર પ્રાંતમાં આશરે 35 પ્રમુખ હૉસ્પિટલ પ્રોજેક્ટ્સ નિર્માણાધીન છે અથવા આયોજનના વિવિધ તબક્કાઓમાં છે.
- ઘરની નજીકના ઉચ્ચ ગુણવત્તાના કાર્યક્રમોની વિદ્યાર્થીઓને સુલભતા આપવા માટે અને વધારે મજબૂત અર્થતંત્રના નિર્માણમાં પ્રદાન કરવા માટે પ્રાંત ઉચ્ચ માધ્યમિક સંસ્થાઓને 10 વર્ષના સમયગાળામાં કૅપિટલ ગ્રાંટ તરીકે $3 અબજ આપી રહ્યો છે.
- ઑન્ટારિયોનું અત્યંત શિક્ષિત કાર્યબળ તેની સૌથી મોટી શક્તિ છે. 2014માં, ઑન્ટારિયોમાં 66 ટકા પુખ્ત લોકો ઉચ્ચ માધ્યમિક પદવી ધરાવતા હતાં જે 2002ના 56 ટકાના પ્રમાણ કરતા વધારે છે - જે આર્થિક સહકાર અને વિકાસ સંગઠનમાં કોઇપણ દેશ માટેના દરો કરતાં વધારે છે.
- *2016ના ઑન્ટારિયોના અંદાજપત્ર* માટે જનતાનો અભિપ્રાય મેળવવા માટે સરકારે સમગ્ર પ્રાંતમાં બજેટ પૂર્વે વિચારવિમર્શ હાથ ધર્યો હતો. આમાં 13 શહેરોમાં 700 લોકો, બે ટેલિફોન ટાઉન હૉલ સાથે બજેટ પૂર્વેના 20 રૂબરૂ સત્રોના આયોજનનો સમાવેશ થતો હતો જેનાથી 52,000થી વધુ ઑન્ટારિયો નિવાસીઓ સુધી પહોંચી શકાયું હતું, લગભગ 500 લેખિત આવેદનપત્રો મળ્યા હતાં અને બજેટ ટૉક્સ વેબસાઈટ દ્વારા 6,500થી વધુ વપરાશકર્તાઓ સાથે ઑનલાઈન પરામર્શ થઈ શક્યો હતો.

## વધારાના સંસાધનો

- *2016નું ઑન્ટારિયોનું અંદાજપત્ર* વાંચો
- અંદાજપત્રનું ભાષણ વાંચો
- *2016ના ઑન્ટારિયોના અંદાજપત્ર*ની પૃષ્ઠભૂમિની માહિતી વાંચો
    - ઉચ્ચ માધ્યમિક શિક્ષણની પહોંચમાં સુધારો કરવો
    - આવતીકાલની માળખાકીય સવલતોનું આજે નિર્માણ
    - અર્થતંત્રનો વિકાસ અને આવતીકાલ માટે નોકરીઓનું સર્જન
    - લો-કાર્બન ઈકોનોમીમાં રોકાણ
    - રોજિંદા જીવનને સરળ બનાવવું
    - ઑન્ટારિયોના અર્થતંત્ર પર એક નજર
    - ઑન્ટારિનો આર્થિક દૃષ્ટિકોણ
    - સ્વાસ્થ્યસંભાળમાં પરિવર્તન
    - વીજળીના ખર્ચનું નિયમન કરવામાં મદદ